**માન. અધ્યક્ષશ્રી,**

**હું નિયમ–૪૪ અન્વયે કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી બાદ એક્ષ્ટર્નલ પ્રોસેસર ખોવાઇ જવા/તુટી જવા/કામ કરતાં બંધ પડવા વગેરે કિસ્સાઓમાં પ્રોસેસર પુરા પાડવા અંગે જાહેર અગત્યની બાબત પર નિવેદન કરુ છું.**

**માન. અધ્યક્ષશ્રી,**

- જન્મજાત બહેરાશ ધરાવતા બાળકમાં શ્રવણ કૌશલ્ય પુર્ણ રીતે વિકસી શકતું નથી. બાળકની સાંભળવા માટેની કુશળતાનાં વિકાસ થકી જ વાણીનો વિકાસ શક્ય બને છે. આવા બાળકોમાં જન્મજાત બહેરાશની એકમાત્ર સારવાર કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી છે.
- ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ દ્વારા જન્મજાત બહેરાશની તકલીફ ધરાવતા બાળકો માટે પ્રથમ વખત વિનામૂલ્યે કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી અને ૧૦૦ સ્પીચ થેરાપી સેશન સહિતની ગુણવત્તાસભર સારવાર વર્ષ–૨૦૧૩ થી પૂરી પાડવામાં આવી રહી છે.
- આરોગ્ય કર્મીઓ દ્વારા ઘરે–ઘરે મુલાકાત દરમિયાન, ઘનિષ્ઠ નવજાત શિશુ સારવાર કેન્દ્રોમાં તેમજ ડિસ્ટ્રીકટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર અને આંગણવાડી કેન્દ્રો ખાતે RBSK મોબાઈલ હેલ્થ ટીમ દ્વારા જન્મજાત બહેરાશ ધરાવતા બાળકની પ્રાથમિક તપાસ કરી બાળકને નિષ્ણાંત દ્વારા નિદાન માટે ઉચ્ચસ્તરીય હોસ્પિટલ ખાતે મોકલવામાં આવે છે. જ્યાં જરૂરી એસેસમેન્ટ કરવામાં આવે છે, અને જરૂરીયાત જણાયેલ બાળકોને સંલગ્ન રીજીયોનલ કોક્લિયર કમિટી મારફતે સરકારી/GMERS મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે ઇમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવે છે.
- છેલ્લા 10 વર્ષમાં રાજ્યના ૩૧૬૩ બાળકોની અંદાજિત રૂ. ૨૨૧ કરોડના ખર્ચે કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આ સર્જરી કરાય છે. જેનો અંદાજીત ખર્ચ રૂ. ૭ લાખ થાય છે, જે અમારી સરકાર બાળકોને સંપૂર્ણપણે વિનામૂલ્યે કરી આપે છે.

- કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી કરેલ બાળકોમાં કોક્લિયર મશીનનું એક્ષ્ટર્નલ સાઉન્ડ પ્રોસેસર ખોવાઇ જવું, તૂટી જવું કે કામ કરતું બંધ પડી જવું તેવા કિસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે.
- આથી, જે બાળકોને સરકાર તરફથી એકવાર વિનામૂલ્યે કોકલિયર ઇમ્પ્લાન્ટ કરવામાં આવેલ હોય તેવા બાળકોને બીજી વખત ઇમ્પ્લાન્ટ પ્રોસસર બદલવા માટે અગાઉ કુલ રકમના ૯૦ % રાજ્ય સરકાર દ્વારા અને ૧૦ % રકમ વાલીએ ફાળા તરીકે આપવાની તેવું નક્કી કરાયુ હતુ. જેના બદલે હવે સંપૂર્ણપણે વિનામુલ્યે પ્રોસેસર બદલી આપવાનો નિર્ણય કરાયો છે. એટલે કે સાઉન્ડ પ્રોસસર ખોવાઇ જાય, તૂટી જાય કે કામ કરતું બંધ પડી જાય તેવા કિસ્સાઓમાં તેમજ પ્રોસેસરની કંપની દ્વારા આપવામાં આવેલી વોરંટી પૂર્ણ થઇ ગયેલા કિસ્સાઓમાં જ્યારે પ્રોસેસર બદલવાની જરૂર જણાશે તો તેનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. આવા બાળકોના માતા-પિતાએ એકપણ રૂપિયાનો ખર્ચ કરવાની જરૂર રહેશે નહીં.
- વધુમાં જે લાભાર્થીઓએ સરકારી સહાય વગર પોતાના ખર્ચે કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી કરાવેલ છે તેવા કિસ્સામાં ચાર લાખથી ઓછી આવક ધરાવતા લાભાર્થીઓને એકવાર સરકાર તરફથી પ્રોસેસર આપતી વખતે લાભાર્થી પાસેથી કુલ ખર્ચના ૧૦ % ફાળો જ લેવામાં આવશે.
- ચાલુ વર્ષે ઉકત ૧૩૬૫ બાળકો પૈકી અંદાજે ૭૦૦ બાળકોનાં કોક્લિયર ઇમ્પ્લાન્ટ એક્ષ્ટર્નલ પ્રોસેસર માટે અંદાજે રૂપિયા ૩૫ કરોડની વધારાની જરૂરિયાત રહેશે.
- માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ જ્યારે વિકસીત ભારત–૨૦૪૭નો સંકલ્પ કર્યો હોય ત્યારે રાજ્યના પ્રત્યેક બાળકને શારિરીક સશક્ત બનાવવા એ અમારો મૂળ ધ્યેય મંત્ર છે.

# પૂરક નોધ

**૧. બદલવાના થતાં કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરી માટે એક્ષ્ટર્નલ પ્રોસેસરના પ્રકાર :–**

જી.એમ.ઈ.આર.એસ. ઓડિયોલોજી કોલેજ સોલા ખાતે જુન ૨૦૨૪ સુધી થયેલ એસેસમેન્ટ અને વર્ષ ૨૦૧૮–૧૯ પહેલાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત થયેલ કોક્લીયર ઇમ્પ્લાન્ટ સર્જરી ધ્યાને લેતાં હાલ અંદાજે...

| ક્રમ | કંપની નામ | બાળકોની અંદાજીત સંખ્યા | ૧ પ્રોસેસરનો અંદાજિત ખર્ચ (લાખમાં) | કુલ અંદાજિત ખર્ચ (લાખમાં) (ટેક્ષ એક્સટ્રા) |
|---|---|---|---|---|
| ૧ | કોક્લીયર લીમીટેડ | ૭૫૯ | ૫ | ૩૭૯૫.૦૦ |
| ૨ | મેડેલ | ૩૦૩ | ૫ | ૧૫૧૫.૦૦ |
| ૩ | ન્સ બાયોનીક્સ | ૩૦૩ | ૫ | ૧૫૧૫.૦૦ |
| **અંદાજીત કુલ** | | **૧૩૬૫** | | **૬૮૨૫.૦૦** |

૨. **ચાલુ વર્ષે** એસેસમેન્ટ, ફીટીંગ અને મેપીંગ કેપેસીટી ધ્યાને લેતાં **૭૦૦ બાળકો માટે** વાર્ષિક વધારે બજેટની જરૂરિયાત રૂ. **૩૫.૦ કરોડ**

૩. **આજ દિન સુધી કરવામાં આવેલ કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરીની વર્ષવાર વિગતો :**

- રાજ્ય સરકાર દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત સુપર સ્પેશ્યાલિટી સેવાઓમાં કોક્લિયર ઇમ્પ્લાન્ટનો સમાવેશ કર્યા બાદ લાભ લીધેલ બાળકોની સંખ્યા અને થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નુ | વર્ષ | કોક્લિયર ઇમ્પ્લાન્ટ સર્જરીની સંખ્યા | સર્જરીનો અંદાજીત ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૧૩૩ | ૯૩૧ |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૪૭૫ | ૩૩૨૫ |
| ૩ | ૨૦૧૬–૧૭ | ૫૪૩ | ૩૮૦૧ |
| ૪ | ૨૦૧૭–૧૮ | ૩૬૭ | ૨૫૬૯ |
| ૫ | ૨૦૧૮–૧૯ | ૩૪૪ | ૨૪૦૮ |
| ૬ | ૨૦૧૯–૨૦ | ૨૮૭ | ૨૦૦૯ |
| ૭ | ૨૦૨૦–૨૧ | ૧૧૩ | ૭૯૧ |
| ૮ | ૨૦૨૧–૨૨ | ૨૪૭ | ૧૭૨૯ |
| ૯ | ૨૦૨૨–૨૩ | ૨૯૭ | ૨૦૭૯ |
| ૧૦ | ૨૦૨૩–૨૪ | ૨૮૭ | ૨૦૦૯ |
| ૧૧ | ૨૦૨૪–૨૫ (જુલાઈ અંતિત) | ૭૦ | ૪૯૦ |
| **કુલ** | | **૩૧૬૩** | **રૂ. ૨૨,૧૪૧ લાખ** |

### ૪. <u>કોક્લિયર ઇમ્પ્લાન્ટ એક્ષ્ટર્નલ પ્રોસેસર કીટ ખરીદીની પ્રક્રિયા</u>

- લાભાર્થીની જરૂરીયાત મુજબ ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લીમીટેડ, ગાંધીનગર મારફતે નિયમોનુસાર પ્રોસેસરની ખરીદી કરી, જે તે સંસ્થા/હોસ્પિટલને મોકલી આપવામાં આવશે.

### ૫. બાળકમાં કોક્લિયર ઇમ્પ્લાન્ટ પ્રોસેસર બગડી/તુટી અને ખોવાઇ જવાના કિસ્સામાં પ્રોસેસર કીટની જરૂરીયાત :

- હાલ અંદાજે કુલ – ૧૩૬૫ બાળકોને નવા પ્રોસેસર કીટની જરૂરીયાત હોઇ શકે. જે મુજબ એક કોક્લિયર ઇમ્પાન્ટ કરવાનો ખર્ચ અંદાજે રૂ. ૫ લાખ લેખે અંદાજિત રૂ. ૬૮.૨૫ કરોડના ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે. તે પૈકી ચાલુ વર્ષે એસેસમેન્ટ, ફીટીંગ અને મેપીંગ કેપેસીટી ધ્યાને લેતાં ૭૦૦ બાળકો માટે રૂ. ૩૫.૦ કરોડ વાર્ષિક વધારે બજેટની જરૂરિયાત રહેશે.

### ૬. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત વાલીએ બીજા કોક્લિયર ઇમ્પ્લાન્ટ એક્ષ્ટર્નલ પ્રોસેસર કીટ મેળવવા માટેની અમલિકરણ પધ્ધતિ : (SOP)

- જી.એમ.ઇ.આર. એસ.ઓડિયોલોજી કોલેજ, સોલા, અમદાવાદ અને ઓડિયોલોજી કોલેજ, સ્પાઇન હોસ્પિટલ, અસારવા, અમદાવાદ ખાતે નિષ્ણાંત દ્વારા બાળકોનું એસેસમેન્ટ કરવામાં આવે છે.
- જે લાભાર્થીઓએ સરકારી સહાય લીધા વગર પોતાના ખર્ચે કોક્લિયર ઇમ્પ્લાન્ટ કરાવેલ છે તેવા કિસ્સાઓમાં (ચાર લાખથી ઓછી આવક ધરાવતા) લાભાર્થીઓને કોક્લિયર ઇમ્પ્લાન્ટ પ્રોસેસરના ૧૦ % વાલીશ્રીએ મુખ્ય સદર:૦૨૧૦ સદરે જિલ્લા/કોર્પોરેશનના નજીકની એસ.બી.આઇ. બેંકમાં ચલણ દ્વારા ભરવાના રહેશે.
- અસલ ચલણ અને ચાર લાખથી ઓછી આવક ધરાવતાનું પ્રમાણપત્ર વિભાગીય નાયબ નિયામકશ્રી, કોક્લિયર ઇમ્પ્લાન્ટ કમિટીમાં વાલીશ્રીએ જમા કરાવવાના રહેશે. કોક્લિયર ઇમ્પ્લાન્ટ કમિટી દ્વારા બાળકને કોક્લિયર ઇમ્પ્લાન્ટ પ્રોસેસર માટેની મંજુરી મળ્યેથી બાળકને જી.એમ.ઇ.આર.એસ. ઓડિયોલોજી કોલેજ, સોલા, અમદાવાદ અને ઓડિયોલોજી કોલેજ, સ્પાઇન હોસ્પિટલ, અસારવા, અમદાવાદ ખાતે નિષ્ણાંત દ્વારા પ્રોસેસર બદલવું/ફીટીગ, સ્વીચ ઓન અને મેપીંગ વિગેરે કરવામાં આવશે.